identifying Child Anxiety Through Schools
identification to intervention

UNIVERSITY OF OXFORD

NHS Oxford Health NHS Foundation Trust

માતાપિતા/સંભાળકર્તાઓ માટે માહિતી પત્રિકા
નૈતિક સંદર્ભ (R66068/RE001)

તમારા બાળકની શાળા iCATS-i2i નામની એક સંશોધન પરિયોજનામાં ભાગ લેવા માટે સંમત થઈ છે. અમે **તમને અને તમારા બાળકને** આ સંશોધનનો ભાગ બનવા માટે આમંત્રિત કરવા માંગીએ છીએ, પરંતુ અમે પ્રથમ તે સમજાવશું કે સંશોધન શું છે. તમે સમજો કે સંશોધન શું છે અને તેમાં શું શામેલ છે તે મહત્વનું છે કે. જો તમને કોઇપણ પ્રશ્નો હોય તો કૃપા કરીને સંપર્ક કરો.

iCATS-i2i ટીમ

મુખ્ય તપાસકર્તા:
પ્રોફેસર કેથી ક્રેસવેલ
અજમાયશના મેનેજર:
લ્યુસી ટેલર

University of Oxford
Department of Experimental Psychology,
Anna Watts Building, Woodstock Road,
Oxford OX2 6GG
વેબસાઇટ: https://osiresearch.org.uk/icats/
ઇમેઇલ: iCATS@psych.ox.ac.uk
ટેલિફોન નંબર: 01865 618175

આ માહિતી વધારે ભાષાઓમાં અમારી વેબસાઇટ પર ઉપલબ્ધ છે: https://osiresearch.org.uk/icats/family-info/

ICATS-i2i શું છે?

iCATS-i2i - એ 'શાળાઓ દ્વારા બાળકની અસ્વસ્થતાની ઓળખ કરવી – ઓળખથી લઈને હસ્તક્ષેપ સુધી' એક સંશોધન પ્રોજેક્ટ છે. બાળકોમાં અસ્વસ્થતાની સમસ્યાઓ હોવી તે સામાન્ય છે, પરંતુ ઘણા બધા એવા બાળકો કે જેઓ અસ્વસ્થતાની સમસ્યા અનુભવે છે તેમને વ્યવસાયિક સહાયતા મળતી નથી. અમે અસ્વસ્થતાની સમસ્યાઓ ધરાવતા બાળકોને શાળાઓ દ્વારા ઓળખવા અને તેમને સહાય કરવાની નવી રીત વિકસિત કરવા માટે માતાપિતા/સંભાળકર્તાઓ, બાળકો અને શાળાના સ્ટાફ સાથે મળીને કામ કર્યું છે. આ પરિયોજનામાં અમે હાલની, સામાન્ય પ્રણાલિ સાથે આ નવા અભિગમની સરખામણી કરવા માંગીએ છીએ. અમે શાળાઓમાં બાળકોની અસ્વસ્થતા, મૂડ અને વર્તનની સરખામણી કરશું કે જેઓ આ નવા અભિગમને પ્રાપ્ત કરે છે અને નથી કરતા, અને તે પૈસા સામે સારું વળતર આપે છે કે કેમ તે શોધીશું.

મારા બાળકને અને મને શા માટે ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે?

અમે તમારા બાળકની શાળાને **તમારા બાળકના વર્ગના વર્ષ 4 ના તમામ બાળકોને અને તેમના માતાપિતા/સંભાળકર્તાઓને** ભાગ લેવા માટે આમંત્રણ આપવાનું કહ્યું છે. અમે શક્ય તેટલા વધુ બાળકો શામેલ થાય તેમ ઇચ્છીએ છીએ – **જેમાં ખૂબ ચિંતા કરતા બાળકો, ભાગ્યે જ ચિંતા કરતા બાળકો અને તે બન્નેની વચ્ચે હોય તેવા બાળકોનો સમાવેશ થાય છે.**

શું મારા બાળકે અને મારે ભાગ લેવો પડશે?

ના. તમારે અને તમારા બાળકે આ સંશોધનમાં ભાગ લેવાની જરૂર નથી. તમે પસંદ કરી શકો છો કે તમે બંને ભાગ લેશો કે નહીં.
જો તમે પાછળથી તમારો વિચાર બદલો છો, તો તમે કોઇપણ સમયે, કોઇ કારણ આપ્યા વગર સંશોધનમાંથી નિકળી શકો છો.
તમે અભ્યાસમાંથી તમારી અને તમારા બાળકની થોડી અથવા તમામ માહિતીને પાછી ખેંચી લેવાનું પણ પસંદ કરી શકો છો, પરંતુ જો તમે આમ કરવા ઇચ્છતા હોવ, તો તમારે પરિયોજનાના અંત સુધીમાં અમને જણાવવું જરૂરી છે.

મારા બાળકને અને મને શું કરવાનું કહેવામાં

1. પેરેન્ટ ઓપ્ટ-આઉટ (ના પાડવી)

જો તમે ઇચ્છતા <u>નથી</u> કે તમારું બાળક ભાગ લે તો કૃપા કરીને <u>ઓપ્ટ-આઉટ</u> ફોર્મ શાળામાં પરત કરો.

2. પ્રારંભિક માતાપિતાની પ્રશ્નાવલિઓ

અમે તમને તમારું બાળક કેટલી અસ્વસ્થતા અનુભવે છે તેના અંગે એક ટૂંકી પ્રશ્નાવલિ પૂર્ણ કરવા માટે કહીશું, અને તમારા પરિવાર અંગેની કેટલીક પૃષ્ઠભૂમિ માહિતી અને તમારી સંપર્ક વિગતો પ્રદાન કરવા માટે કહેશું કે જેથી અમે સંપર્કમાં રહી શકીએ. એકવાર આ પ્રશ્નાવલિઓ અમને પ્રાપ્ત થઈ જાય, ત્યારબાદ અમે તમને તમારા બાળકનું સ્વાસ્થ્ય, લાગણીઓ, વર્તન અને તમારું સ્વાસ્થ્ય અને તમારી પોતાની અને તમારા બાળકની સેવાઓના ઉપયોગ અંગે કેટલીક વધારાની પ્રશ્નાવલિઓ પૂર્ણ કરવા માટે કહેશું.

અમે સંશોધનમાં તમારું સ્વાગત કરવા માટે અને આગામી પગલાઓ અંગે કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે તમારી સાથે ટૂંકા કોલની વ્યવસ્થા કરવા માટે પણ સંપર્ક કરશું.

3. પ્રારંભિક બાળક અને શિક્ષકની પ્રશ્નાવલિઓ

અમે તમારા બાળક અને તમારા બાળકના વર્ગ શિક્ષક/સહાયક સ્ટાફને તમારું બાળક કેટલો ડર, ચિંતાઓ અથવા અસ્વસ્થતા અનુભવે છે તેના અંગે ક્યાં તો એક સુરક્ષિત વેબસાઇટનો ઉપયોગ કરીને અથવા કાગળ પર એક પ્રશ્નાવલિ પૂર્ણ કરવા માટે કહેશું. અમે તમારા બાળકને અન્ય લાગણીઓ, વર્તનો અને તેમના સ્વાસ્થ્ય અંગેના કેટલાક પ્રશ્નોના જવાબ આપવા માટે પણ કહેશું અને અમે કેટલીક માહિતી તમારા બાળકના શાળાના રેકોર્ડમાંથી એકત્રિત કરશું. તમે બાળક અને શિક્ષકની પ્રશ્નાવલિઓની એક નકલ અહીં જોઈ શકો છો: https://osiresearch.org.uk/icats/family-info/ અને શાળાઓમાંથી અમે એકત્રિત કરશું તે માહિતી વિગતવાર અમારી ગોપનીયતા સૂચના https://osiresearch.org.uk/icats/privacy--notice/notice/ માં છે

4. શાળાનું યાદચ્છિકરણ

અમે તમારા બાળકની શાળાને બે વિકલ્પોમાંથી એકમાં યાદચ્છિક રીતે ફાળવશું:

પ્રતિસાદ અને હસ્તક્ષેપ અથવા શાળાની સામાન્ય પ્રણાલિ

(વધુ માહિતી પાછળની બાજુ પૂરી પાડવામાં આવી છે)

એક કોમ્પ્યુટર નક્કી કરશે કે તમારા બાળકની શાળા કયા જૂથમાં છે અને જેથી તમારો પરિવાર કયા જૂથમાં છે તે નક્કી થશે

5. ફોલો-અપ પ્રશ્નાવલિઓ

અમે તમને, તમારા બાળકને અને તમારા બાળકના શિક્ષકને લગભગ 6 મહિના, 1 વર્ષ અને 2 વર્ષમાં ફરીથી સમાન પ્રશ્નાવલિઓ પૂર્ણ કરવા માટે કહેશું.

અમે તમને અને/અથવા તમારા બાળકને પરિયોજના પર પ્રતિસાદ મેળવવા માટે અને પરિવારોના સામેલ થવા અંગેના અનુભવો જાણવા માટે અલગ ઇન્ટરવ્યુમાં ભાગ લેવા માટે પણ કહી શકીએ છીએ. અમે આ સત્રોનું ઓડિયો-રેકોર્ડિંગ કરશું જેથી તે સુનિશ્ચિત કરી શકાય કે તમામ ચર્ચા અમારા દ્વારા સાચવવામાં આવી છે

જો મારા બાળકની શાળાને 'પ્રતિસાદ અને હસ્તક્ષેપ' જૂથમાં ફાળવવામાં આવે તો શું થાય છે?

- જો તમે તમારા બાળકની અસ્વસ્થતા અંગે પ્રારંભિક પ્રશ્નાવલિ પૂર્ણ કરો છો, તો અમે તમારો એ જણાવવા માટે સંપર્ક કરશું કે શું તમારા જવાબો એવું સૂચવે છે કે તમારું બાળક અસ્વસ્થતા સાથે મુશ્કેલીઓ અનુભવી રહ્યું છે કે નહીં.
- જો તમારા જવાબો સૂચવે કે તમારું બાળક અસ્વસ્થતા સાથે મુશ્કેલીઓ અનુભવી રહ્યું છે, તો અમે તમને એક ચિકિત્સક પાસે ટેલિફોન સહાય સાથે સંક્ષિપ્ત ઓનલાઇન હસ્તક્ષેપ ઓફર કરશું.
- અમે પરિયોજનામાં ભાગ લેનારા કોઈપણ પરિવારોને પણ હસ્તક્ષેપ ઉપલબ્ધ કરાવીશું, ભલે તેઓ પ્રારંભિક પ્રશ્નાવલિઓના જવાબોને ધ્યાનમાં લીધા વગર માનતા હોય કે તે ઉપયોગી થશે.
- હસ્તક્ષેપ કાર્યક્રમને **OSI (ઓનલાઈન સપોર્ટ અને બાળકની અસ્વસ્થતા માટે હસ્તક્ષેપ)** કહેવામાં આવે છે. OSI માતાપિતા/સંભાળકર્તાઓને વ્યુહરચનાઓ અને પ્રવૃત્તિઓ પૂરી પાડે છે જેથી તેઓ તેમના બાળકને અસ્વસ્થતા સંબંધિત મુશ્કેલીઓમાં ટેકો આપવામાં મદદ કરી શકે. તમે OSI અંગે વધુ અહીં જાણી શકો છો: અને થોડા પરિવારોના OSI ના અનુભવો અંગે અહીં સાંભળો https://osiresearch.org.uk/icats/osi/
- અમે વર્ષ 4 ના વર્ગમાં ભાગ લેતા બાળકો માટે અસ્વસ્થતાને ઓળખવા અને તેનું સંચાલન કરવા માટેના પાઠ પણ પ્રદાન કરશું.
- અમે તમને, તમારા બાળકને અને તમારા બાળકના શિક્ષકને **6 મહિના, 1 વર્ષ અને 2 વર્ષ પછી ફોલો-અપ પ્રશ્નાવલિઓ** પૂર્ણ કરવા માટે કહેશું.

જો મારા બાળકની શાળાને 'શાળાની સામાન્ય પ્રણાલિ' જૂથમાં ફાળવવામાં આવે તો શું થાય છે?

- શાળા અને અન્ય સેવાઓ દ્વારા તમારા પરિવારને કોઈપણ સામાન્ય સહાય પ્રાપ્ત થતી રહેશે.
- અમે તમને, તમારા બાળકને અને તમારા બાળકના શિક્ષકને **6 મહિના, 1 વર્ષ અને 2 વર્ષ પછી ફોલો-અપ પ્રશ્નાવલિઓ** પૂર્ણ કરવા માટે કહેશું.
- 2 વર્ષ ફોલો-અપ પ્રશ્નાવલિઓ (પરિયોજનાના અંતે) પછી, અમે તમને ઓનલાઇન હસ્તક્ષેપના લેખિત (ઇલેક્ટ્રોનિક) સંસ્કરણો પૂરા પાડશું.

અમે પૂરી પાડેલી માહિતીનું શું થાય છે?

તમારા બાળકને એક અનન્ય ID નંબર આપવામાં આવશે અને તેનો ઉપયોગ અમે તમારા પરિવાર અંગે એકત્રિત કરેલી તમામ માહિતીને લેબલ કરવા માટે કરશું. અમે એકત્રિત કરેલી તમામ માહિતીને સુરક્ષિત અને વિશ્વસનીય રાખવામાં આવશે (વધુ માહિતી માટે કૃપા કરીને ગોપનીયતા સૂચના [https://osiresearch.org.uk/icats/privacy-notice/] વાંચો). એકવાર સંશોધન પરિયોજના સમાપ્ત થઇ જાય પછી, અન્ય સંશોધકોના ઉપયોગ માટે અમે પરિયોજનાનો થોડો ડેટા પ્રકાશિત કરી શકીએ છીએ, પરંતુ તે માત્ર એ રીતે હશે કે તેમના માટે એ કહેવું અશક્ય હશે કે કોણે ભાગ લીધો છે.

જો તમારા બાળકની શાળાને 'પ્રતિસાદ અને હસ્તક્ષેપ' જૂથમાં ફાળવવામાં આવે અને તમારા પ્રારંભિક પ્રશ્નાવલિના જવાબો સૂચવે કે તમારું બાળક અસ્વસ્થતા સાથે સમસ્યા અનુભવી શકે છે, તો તમારી પરવાનગી સાથે અમે તમારા બાળકની શાળાને જણાવશું. ઓનલાઈન હસ્તક્ષેપમાં ભાગ લેનાર શાળાઓને અમે જણાવશું નહીં, સિવાય કે વાલીઓ અમને તે કહે.

તમે અથવા તમારું બાળક અમને જે કહો છે તે અમે તમારી પરવાનગી વગર અન્ય કોઈપણની સાથે શેર કરશું નહીં, સિવાય કે તમે અથવા તમારું બાળક અમને કંઈક એવું કહેવાનું પસંદ કરો કે જેનાથી અમને એવું લાગે કે તમારા બાળકને અથવા અન્ય કોઇને ગંભીર ક્ષતિ પહોંચવાનું જોખમ હોય શકે છે. જો આવું થાય તો અમારે તેના વિશે કોઇને કહેવાની જરૂર પડી શકે છે, પરંતુ હંમેશા અમે પ્રથમ તમારી સાથે આના અંગે વાત કરવાનો પ્રયત્ન કરશું.

આ સંશોધન પરિયોજનાની તપાસ કોણે કરી છે?

આ પરિયોજનાની તપાસ યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ સેન્ટ્રલ યુનિવર્સિટી રિસર્ચ એથિક્સ કમિટી દ્વારા કરવામાં આવી છે.

પરિયોજના પર કામ કરતા તમામ સંશોધકો પ્રગટીકરણ અને પ્રતિબંધની ચકાસણીને આધિન છે અને બાળકો સાથે કામ કરવા માટે યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

ભાગ લેવાના ફાયદાઓ શું છે?

ભાગ લેવાથી તમારો પરિવાર, અસ્વસ્થતા અંગે સમસ્યાઓ અનુભવતા બાળકોને જ્યારે જરૂર પડે ત્યારે, તેઓ મદદ મેળવે તે સુનિશ્ચિત કરવા માટે શ્રેષ્ઠ માર્ગ શોધવાનો પ્રયત્ન કરવામાં અમારી મદદ કરશે.
તમને પરિયોજના દરમિયાન બાળકની અસ્વસ્થતા માટે સંક્ષિપ્ત ઓનલાઇન હસ્તક્ષેપ અને ટેલિફોન સહાય પૂરી પાડવામાં આવશે, અથવા પરિયોજનાના અંતે ઓનલાઇન હસ્તક્ષેપ લેખિત (ઇલેક્ટ્રોનિક સંસ્કરણ) માં પૂરો પાડવામાં આવશે.

ભાગ લેવાના ગેરફાયદાઓ શું છે?

તમારે અલગ અલગ ચાર પ્રસંગો (દરેક આશરે 30 મિનિટ) પર પ્રશ્નાવલિઓ પૂર્ણ કરવામાં થોડો સમય પસાર કરવો પડશે. જો તમે ઇન્ટરવ્યુમાં પાછળથી ભાગ લેશો, તો તેમાં થોડો સમય પણ લાગશે (અંદાજે એક કલાક). અમે તે સુનિશ્ચિત કરવાનો પ્રયત્ન કરવા માટે પરિવારો સાથે વાત કરીએ છીએ કે અમે જે પ્રશ્નો પૂછીએ છીએ તે શક્ય તેટલા સ્વીકાર્ય હોય. પરંતુ અમે જે થોડા પ્રશ્નો પૂછીએ છીએ તે એવા વિચારો અને લાગણીઓને સંબોધિત કરી શકે છે કે જે તમને અસ્વસ્થ કરી શકે છે. જો એવા પ્રશ્નો હોય જે તમારા બાળકના માનસિક સ્વાસ્થ્ય અંગે કોઇ ચિંતા ઊભી કરે છે, તો એવા લોકો છે કે જેની સાથે તમે મદદ અથવા સલાહ માટે વાત કરી શકો છો, જેમાં તમારા જીપી અને રાષ્ટ્રીય સંસ્થાઓ જેમ કે યંગ માઇન્ડ્સ (પેરેન્ટ હેલ્પલાઇન: 0808 802 5544 http://www.youngminds.org.uk/) નો સમાવેશ થાય છે. પરિવારો માટે તમે વધુ માહિતી અને સંસાધનો અમારી વેબસાઇટ પર પણ શોધી શકો છો: https://osiresearch.org.uk/icats/resources-for-families/

આભાર માનવા માટે

અમે નીચેનામાંથી દરેક પૂર્ણ કર્યા પછી તમામ પરિવારોને £10 નું ગિફ્ટ વાઉચર પ્રદાન કરશું:
*પ્રારંભિક બાળક અને માતાપિતા/સંભાળકર્તા પ્રશ્નાવલિઓ
*6 મહિના, 1 વર્ષ અને 2 વર્ષ ફોલો-અપ પ્રશ્નાવલિઓ
*એક મુલાકાત

મારે આગળ શું કરવું જોઈએ?

- **જો તમે ઇચ્છતા <u>નથી</u> કે તમારું બાળક સંશોધનમાં ભાગ લે**: તો કૃપા કરીને જોડાયેલ **<u>ઓપ્ટ આઉટ ફોર્મ</u>** પૂર્ણ કરો અને તેને સાથે જોડેલા પરબિડીયામાં શાળામાં પરત કરો. *કૃપા કરીને એ વાત ધ્યાનમાં રાખો કે જો તમે ઓપ્ટ આઉટ કરો તો તમારી પાસે અભ્યાસમાં પાછળના તબક્કે બાળકની અસ્વસ્થતા માટે સહાય મેળવવાની તક નહીં હોય.*
- **જો તમે તમારું બાળક ભાગ લે તે માટે રાજી છો <u>અને તમે તમારા ભાગ લેવા માટે રાજી છો</u>**: તો કૃપા કરીને માતાપિતાનું સંમતિ પત્રક અને પ્રારંભિક માતાપિતા પ્રશ્નાવલિઓ (કાગળ પર અથવા ઓનલાઇન) પૂર્ણ કરો. કૃપા કરીને તમારા બાળકની શાળામાં કાગળ પરની પ્રશ્નાવલિ પૂરા પાડવામાં આવેલા પરબિડીયામાં પરત કરો અને અમે તેને ત્યાંથી એકત્રિત કરશું. એકવાર તમે પ્રારંભિક પ્રશ્નાવલિઓ પૂર્ણ કરી લો, પછી અમે તમને પૂર્ણ કરવા માટે વધારાની પ્રશ્નાવલિઓ મોકલશું (કાગળ પર અથવા ઓનલાઇન).
- **જો તમે તમારું બાળક ભાગ લે તે માટે રાજી છો, પરંતુ <u>માતાપિતાની પ્રશ્નાવલિઓ પૂર્ણ કરવા નથી ઇચ્છતા</u>**, તો તમારે કંઈ જ કરવાની જરૂર નથી. અમે તમારા બાળકને ભાગ લેવા માટે આમંત્રિત કરશું, તમારા બાળકના શિક્ષકને તમારા બાળક વિશે પ્રશ્નાવલિઓ પૂર્ણ કરવા માટે કહેશું, અને શાળાના રેકોર્ડમાંથી તમારા બાળક વિશે માહિતી એકત્રિત કરશું.

FUNDED BY
NIHR | National Institute for Health Research
આ અભ્યાસને નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ રિસર્ચ (NIHR) (RP-PG-0218-20010) દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. વ્યક્ત કરવામાં આવેલા વિચારો લેખક(કો)ના છે અને તે NIHR અથવા ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ સોશીયલ કેરના હોય તે જરૂરી નથી.

UNIVERSITY OF OXFORD

NHS
Oxford Health
NHS Foundation Trust

જો મને કોઈ પ્રશ્ન અથવા ચિંતા હોય તો શું થશે?

પરિયોજના ટીમનો સંપર્ક કરો (વિગતો પાછળની બાજુ છે), અને અમે કોઈપણ પ્રશ્નોના જવાબ આપવા માટે અને કોઈપણ ચિંતાઓનો ઉકેલ લાવવા માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરશું. અમે 10 કાર્યકારી દિવસોમાં તમારી ચિંતાને ઓળખશુ અને તેનો કેવી રીતે ઉકેલ લાવવામાં આવશે તેનો તમને સંકેત આપશું. જો તમે નાખુશ રહો અથવા એક ઔપચારિક ફરિયાદ કરવા માંગતા હોવ, તો કૃપા કરીને યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ ખાતે મેડિકલ સાયન્સ રિસર્ચ એથિક્સ કમિટીના અધ્યક્ષનો સંપર્ક કરો કે જેઓ શક્ય તેટલી જલદી આ બાબતને ઉકેલવાનો પ્રયત્ન કરશે: ઇમેઇલ: ethics@medsci.ox.ac.uk; સરનામું: રિસર્ચ સર્વીસીસ, યુનિવર્સિટી ઓફ ઓક્સફોર્ડ, વેલિંગ્ટન સ્ક્વેર, ઓક્સફોર્ડ OX1 2JD.

સંશોધન પરિયોજના માટે ચૂકવણી કોણ કરે છે?

આ પરિયોજના માટે ચૂકવણી નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર હેલ્થ રિસર્ચ દ્વારા કરવામાં આવી રહી છે, જે એક સંસ્થા છે કે જે આરોગ્યમાં સુધારો કરવા માટેના સંશોધન માટે ચૂકવણી કરે છે.

વેબસાઇટ: https://osiresearch.org.uk/icats/
ઇમેઇલ: iCATS@psych.ox.ac.uk
ટેલિફોન નંબર: 01865 618175